## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમારી સરકાર વખતેનાં બજેટને કોપી પેસ્ટ કરીને જ કર્યું છે... વિરોધ કરશો તો તમે જ ફસાઈ જશો..

# એ.એ. પટેલ કોમર્સ કોલેજના યુવાનોનું પોલિયો રસીકરણમાં પ્રસંશનીય યોગદાન

**પથિકાશ્રમ એસ.ટી.ડેપો, સેક્ટર-૧૩ તથા ગોજારિયા-વિજાપુર સહિતના ગ્રામીણ વિસ્તારોમાં હાઉસ-ટુ-હાઉસ સર્વેલન્સ : ૧૫૦૦થી વધુ બાળકોને 'દો બુંદ જીંદગીકી' પીવડાવી**

ગાંધીનગર, તા. ૨



યુવાનો જે કાર્યને જ્યારે પોતાના દિલના ઉમંગથી કરે છે તે કાર્ય હંમેશા શ્રેષ્ઠતાને પામે છે. આ વાતની પ્રતિતિ ગાંધીનગરની અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના યુવા સ્વયંસેવકો પોલિયો નાબુદી માટે હાથ ધરાયેલા ત્રિદિવસીય રસીકરણ કાર્યક્રમમાં ગાંધીનગરથી માંડીને ગોજારીયા અને વિજાપુર સુધીના વિસ્તારમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરી પ્રસંશાને પામ્યાં છે. આ સ્વયંસેવકોએ ત્રણ દિવસની કામગીરી દરમ્યાન ૧૫૦૦થી વધુ બાળકોને પોલિયોના ટીંપા પીવડાવ્યાં હતા.

ગાંધીનગરના સેક્ટર-૨૩ સ્થિત એ.એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટને



પોલિયો રસીકરણના ત્રણ દિવસના અભિયાન દરમ્યાન હાઉસ-ટુ-હાઉસ સર્વેલન્સ સહિતની કામગીરી સોંપવામાં આવી હતી. આ કામગીરી માટે તેમને ગાંધીનગરના એસ.ટી. ડેપો આગળના બુથ સહિત સેક્ટર-૧૩ ઉપરાંત ગોજારિયા-વિજાપુર સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારને આવરી લેતા વિસ્તાર સોંપવામાં આવ્યાં હતા. પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતે રોટરી કલબ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ સાથે મળીને એનએસએસ યુનિટના સ્વયંસેવકોએ ખૂબજ ઉત્સાહપૂર્વક ખંતભરી કામગીરી કરી હતી. ગ્રામીણ વિસ્તારમાં તેમણે હાઉસ-ટુ-હાઉસ સર્વેલન્સ કરી ૧૫૦૦ થી વધુ બાળકોને પોલિયોના ટીંપા પીવડાવ્યાં હતા. આ કાર્યમાં એનએસએસ યુનિટના સ્વયંસેવકો હરેશ કાન્ટ્રી, બકુમ ઉદિત્ત, વત્સલ ભાવસાર, સાહિલ તેજાણી, અજય સિસોદિયા, કૃતિકા વાળંદ, હેલી રાઠોડ, આયુષી પટેલ, આકાંક્ષા પટેલ, જૈમિનિ મહેરીયા, અવની પ્રજાપતિ, હની આચાર્ય, બિંદીયા દેવડા, વિધિ પટેલ, વિધિ પ્રજાપતિ, નિધી પટેલ, રૂચિતા પટેલ, માનસી પટેલ, રાજુ મહેશ્વરી, ઉત્કર્ષ મિસ્ત્રી, પ્રિયા તિવારી, નુતિ પટેલ, એકતા દુબે, નયના માલવિયા, ડિમ્પલ પટેલ વગેરેનો મુખ્ય ફાળો રહ્યો હતો. સમગ્ર કામગીરીનું આયોજન તથા સંચાલન એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડી. રણછોડ રથવીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયુ હતુ. યુવા સ્વયંસેવકોની કામગીરીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ તથા રોટરી કલબના હોદ્દેદારોએ બિરદાવી હતી.

# સે-૨૧ ગોવર્ધનનાથજીની હવેલીના રજત જયંતિ વર્ષે ભવ્ય મંગલ મહોત્સવ ઉજવાશે

**મંગલ મહોત્સવ દરમિયાન સે-૨૨ નવરાત્રિ મેદાનમાં બપોરે ભકિત સંગીત સંધ્યા, સંતમહોદય જીવનલક્ષી પ્રેરણાત્મક વકતવ્ય આપશે : શ્રીજીની હવેલીમાં ભવ્ય છપ્પનભોગ બડાભોગ મનોરથના દર્શનનો પણ હજારો ભાવિકો લાભ લેશે. શ્રીજી હવેલીના રજતજયંતિ મહોત્સવને અનુલક્ષી ભાવિકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. જયારે આ મહોત્સવનો લાભ લેવા માટે ગાંધીનગર ઉપરાંત દહેગામ વડોદરા, કલોલ, માણસા, રાંધેજા, અને વડોદરા શહેરમાંથી પણ ભાવિકો આવશે. જયારે ગાંધીનગરના ૮૧૦ જેટલા પરિવારજનો જોડાશે.**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા આગામી તા ૮ ફેબ્રુઆરીના રોજ સે-૨૧ શ્રીજી ગોર્વધનનાથજીની હવેલીના રજત જયંતિ અન્વયે મંગલ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સે-૨૨ નવરાત્રિ મેદાનમાં બપોરે ભકિત સંગીત સંધ્યા, બપોરે સંતોના માધ્યમથી પ્રેરણાત્મક વકતવ્ય ઉપરાંત સાંજે ૫ : ૩૦ કલાકે સે-૨૧ શ્રીજી ગોવર્ધનનાથજીની હવેલીમાં ભવ્ય છપ્પન ભોગ બડાભોગ મનોરથના અલૌકિક દર્શનનો ભાવિકોને લાભ મળશે. મંગલ મહોત્સવના પાવન પ્રસંગે અંદાજિત ૫ હજારથી વધુ ભાવિકો દર્શન તેમજ પ્રસાદનો લાભ લેશે.




આ મંગલ મહોત્સવ સમિતિના પ્રમુખ ડો પ્રદિપ ગગલાણી ઉપપ્રમુખ જશવંત ગાંધીએ જણાંવ્યુ હતુ કે આ વલ્લભધામનુ ભુમિપુજન ૪ જુન વર્ષ ૧૯૮૯ ના રોજ ઈન્દિરાબેટીજીના કરકમળો દ્વારા કરવામાં આવ્યુ હતુ. જયારે વર્ષ ૧૯૯૩ માં નિર્માણકાર્ય પુર્ણ થયા બાદ શ્રી ગોવર્ધનનાથજીના સ્વરૂપને પધરાવી સેવા શરૂ કરવામાં આવી હતી. ગોવર્ધનનાથજીની હવેલીના રજત જયંતિ મહોત્સવ પ્રસંગને અનુલક્ષી વૈષ્ણવ સમાજમાં ઉત્સાહનુ મોજુ પ્રવર્તયુ છે. વૈષ્ણવ હવેલીના પ્રારંભથી મનોરથો ,હીંડોળા,સાંસ્કૃતિક કાર્યક્રમો વચનામૃતો વિવિધ સ્પર્ધા બ્લડડોનેશન કેમ્પ સહીતના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહયુ છે. જયારે આ મંગલ મહોત્સવ અન્વયે આગામી તા ૮ ફેબ્રુઆરીના રોજ સે-૨૨ નવરાત્રિ મેદાન ખાતે બપોરે ૧ થી ૩ કલાક દરમિયાન વૈષ્ણવ સંપ્રદાયના ભજનો, કિર્તન , કૃષ્ણલીલા અંગેનો ભકિત સંગીતનો કાર્યક્રમ રજુ થશે. આ પ્રસંગે હવેલીના સર્વાધ્યક્ષ યુવા વૈષ્ણવાચાર્ય પુ ગોસ્વામી વ્રજરાજકુમારજી જગન્નાથજી મંદિરના મહંત દિલીપદાસજી, ગાંધીનગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજી,ગાંધીનગર સમદર્શન આશ્રમના પુ ગુરુમા હાજરી આપશે. આ દરમિયાન આ સંતો દ્વારા જીવનલક્ષી પ્રેરણાદાયી પ્રવચન આપવામાં આવશે. જયારે સાંજે ૪ : ૩૦ કલાકે હવેલી મંદિરમાં ભવ્ય છપ્પનભોગ બડાભોગ મનોરથના દર્શનનો લાભ પણ ભાવિકોને મળશે.

રજત જયંતિ મહોત્સવના આયોજનને સફળ બનાવવા માટે માનદમંત્રી કિરીટ સોની,પ્રકાશ શાહ, ગુણવંત શાહ ડી એચ શાહ રસિક ગાંધી, તુષાર શાહ સહીતના સમાજના અગ્રણીઓ આ મહોત્સવના આયોજનને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહયા છે.

### શ્રીજી હવેલીને અનુલક્ષી ૪ ફેબ્રુઆરીએ વાહન રેલી

સે-૨૧ શ્રીજી ગોવર્ધનનાથજીની હવેલીના રજતજયંતિ વર્ષે મંગલ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ અન્વયે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવશે. જેમાં ભકિત સંધ્યાની સાથે હવેલીમાં ભવ્ય છપ્પનભોગ બડાભોગ મનોરથના દર્શનનો પણ ભાવિકોને લાભ મળશે. જેને અનુલક્ષી વૈષ્ણવ સમાજ દ્વારા આગામી તા ૪ ફેબ્રુઆરીના રોજ ભવ્ય વાહન રેલીનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ વાહનરેલી સવારે શ્રીજી હવેલી થી નિકળી શહેરના વિવિધ સેકટરોમાં ફરશે. જયારે ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં વાહનરેલી નિકળશે. આ દરમિયાન હવેલીના રજતજયંતિ મહોત્સવ અંગે પ્રચાર કરવામાં આવશે. જેમાં ૨૫૦ જેટલા વાહનો જોડાશે.

# રાજભવનમાં રક્તદાન

**શ્રીમતી અવિનાશ કોહલીના જન્મદિન નિમિત્તે રાજભવનમાં યોજાયેલ સ્વૈચ્છિક રક્તદાન શિબિર**

ગાંધીનગર, તા. ૨

લેડી ગવર્નર શ્રીમતી અવિનાશ કોહલીના જન્મદિન નિમિત્તે આજે રાજભવન ખાતે સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લેડી ગવર્નરશ્રી દ્વારા સર્જિત વિવિધ મનોહારી કૃતિઓના પેન્ટીંગ સભર કેલેન્ડરનું વિમોચન ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી અને લેડી ગવર્નર શ્રીમતી અવિનાશ કોહલીએ શિબિરની મુલાકાત લીધી હતી અને તમામ રક્તદાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી તેમની સેવા ભાવનાને બિરદાવી હતી.

# ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર દ્વારા 'અગ્નિકર્મ' વિષય પર નેશનલ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨

અમદાવાદ ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે 'અગ્નિકર્મ-આયુર્વેદ પેઈન મેનેજમેન્ટ' વિષય પર નેશનલ સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચોથા નેશનલ સેમિનારમાં ગુજરાત તેમજ ભારતના અન્ય રાજ્યોમાંથી લગભગ ૫૦૦ જેટલા વૈદ્યો, ડૉક્ટર તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.




આ નેશનલ સેમિનારમાં વિદેશના નામાંકિત તજજ્ઞોએ તેમના વૈજ્ઞાનિક જ્ઞાનનો લાભ આપ્યો હતો. જેમાં લંડનથી વૈદ્ય અશ્વિન બારોટ, ગ્રીસથી ડૉ. નિકોલસ કોસ્ટોપોલસ, આયર્લેન્ડથી ડૉ. કેમીલસ પાવર, ગ્રીસની જનરલ હોસ્પિટલના ન્યુરોલોજી વિભાગના ડાયરેક્ટર ડૉ. એલેના પાપાજ્યોર્જીયુ તથા ગુજરાતના આયુર્વેદ ડાયરેક્ટર વૈદ્ય દિનેશચંદ્ર પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર દ્વારા નરોડા ખાતે સાંધાના દુઃખાવા માટે આયુર્વેદની ઝડપી અસરકારક, અગ્નિકર્મ સારવાર પદ્ધતિને પુનઃ જીવિત કરી વધુમાં વધુ દર્દીઓને તેનો લાભ મળે તે હેતુથી આ સારવારની શરૂઆત કરવામાં આવી છે. અગ્નિકર્મ આયુર્વેદની વિશિષ્ટ પ્રકારની સારવાર પદ્ધતિ છે. જે સાંધાના દુઃખાવા, સ્નાયુ, નસ, ગાદીની તકલીફ, સાંધાનો વા, રાંઝળ, ફ્રોઝન શોલ્ડર, ટેનીસ એલ્બો, એડીનો દુઃખાવો તથા આધાશીશી જેવા રોગો માટે ખૂબ અસરકારક પદ્ધતિ છે. ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરમાં સપ્તાહના બે દિવસ ગુરૂવાર અને શુક્રવારે નિઃશુલ્ક અગ્નિકર્મ સારવાર આપવામાં આવે છે, જેમાં ગુજરાત સહિત દેશ-પરદેશના દર્દીઓ પણ સારવારનો લાભ લે છે.

# આજથી માણસાના ઈટાદરામાં ૧૨૧ કુંડીય અતિરૂદ્ર મહાયજ્ઞ થશે

**ઇટાદરા મુકામે શિવ પરિવારનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્વ, ખોડીયાર માતાજી, રાધાકૃષ્ણ, ગોગા મહારાજ પાટોત્સવ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઈટાદરાની ભૂમિ પર આવતીકાલથી ત્રણ દિવસ સુધી એટલે કે તા. ૩, ૪ અને ૫મી ના રોજ ધાર્મિક કાર્યક્રમોથી વાતાવરણ ભક્તિમય થનાર છે. જેમાં મોટી સંખ્યામાં ભક્તો સમુદાય દર્શનનો લાભ લેશે.

અમદાવાદથી નિયમિત પ્રકાશિત થનાર માનવમિત્ર દૈનિકના તંત્રી ગોપાલભાઈ પટેલ તેમજ પરિવાર દ્વારા પોતાના ગામ ઈટાદરા ખાતે નૂતન નિર્મિત શિવ મંદિરમાં શિવ પરિવાર દેવતાઓનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા ખોડીયાર માતાજી, રાધાકૃષ્ણ અને ગોગા મહારાજનો પાટોત્સવ તેમજ ૧૨૧ કુંડીય અતિરૂદ્ર મહાયજ્ઞાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ઉપરોક્ત ભક્તિ કાર્યક્રમોની સાથે સાથે તા. ૩ ના રોજ રાત્રે ૯ કલાકે ગરબાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં કલાકાર તરીકે સોનલ પટેલ હાજર રહેનાર છે. તા. ૪થી ના રોજ રાત્રે ૯ કલાકે ભવ્ય ડાયરો યોજાનાર છે જેમાં કલાકાર તરીકે અશ્વિન જોષી ઉપસ્થિત રહેનાર છે અને તા. ૫મી ના રોજ સવારે ૯ કલાકે સાયલાના મહંત દુર્ગા પ્રસાદ સ્વામીની ઉપસ્થિતિમાં ભવ્ય ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

# બજેટમાં સિનિયર સિટીજનોની કર રાહતની માંગણી સ્વીકારાઈ

ગાંધીનગર, તા. ૨

જાગૃત નાગરિક પરિષદ દ્વારા વરિષ્ઠ નાગરિકોને થાપણો પરના વ્યાજ પર કર રાહત આપવા માટે નાણાંમંત્રી અરૂણ જેટલીને કરાયેલી રજૂઆતને ૨૦૧૮-૧૯ના બજેટમાં સ્વીકારવામાં આવી છે.

નાગરિકોના પ્રશ્નોનો ઉકેલ સૂચવતી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે સિનિયર સિટીજનો દ્વારા કરાતી બચતોને પ્રોત્સાહન આપવા તથા બચતોના વ્યાજ પર કરરાહત આપવા માટે ભારત સરકારના નાણાંમંત્રીને ગત ૯મી જાન્યુઆરીના રોજ પત્ર લખીને રજુઆત કરી હતી. સિનિયર સિટીઝનો નિવૃત્ત પછી આવક જળવાઈ રહે તે હેતુથી અથવા કુટુંબની જવાબદારીનુ વહન કરવા માટે પોતાની બચતો કરતા હોય છે. જાગૃત નાગરિક પરિષદ દ્વારા નાણાંમંત્રીને દરખાસ્ત કરવામાં આવી હતી કે વરિષ્ઠ નાગરિકો દ્વારા બેંકો અને પોસ્ટ ઓફિસોમાં કરાતી બચત થાપણો પરના વ્યાજ પર લેવાતા કરમાં



રાહત આપીને સરકારે ભારતીય બચત પરંપરાને પ્રોત્સાહન આપવુ જોઈએ.

આ ઉપરાંત, નાણાંમંત્રીને આજના રૂપિયાના વેલ્યુએશન પ્રમાણે, થાપણો પરની વ્યાજની આવક રૂ. ૧૦,૦૦૦થી વધારીને રૂ. ૫૦,૦૦૦ કરવી જોઈએ, તથા રૂ. ૫૦,૦૦૦ સુધીની વ્યાજની આવક પર ટીડીએસ કાપવામાં ન આવે તેવી દરખાસ્ત કરવામાં આવી હતી. આ માંગણીને કેન્દ્રિય બજેટમાં સંપુર્ણપણે સ્વિકારવામાં આવી છે.

ગાંધીનગર જાગૃત પરિષદની બીજી રજૂઆત હતી કે સામાન્ય નાગરિકોની બચતો પર અપાતા વ્યાજ કરતા સિનિયર સિટીઝન્સને ૧ ટકા વધુ વ્યાજ મળતુ હતુ, જે ઘટાડીને ૦.૫ ટકા કરવામાં આવ્યું હતું. આ વ્યાજનું ધોરણ પુનઃ ૧ ટકા વધુ કરી આપવામાં આવે. બજેટમાં આ માંગણી સ્વીકારીને સિનિયર સિટીઝન્સના રૂ. ૧૫ લાખ સુધીના રોકાણો પર ૮ ટકા સુધીનું વ્યાજ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. બજેટ ૨૦૧૮-૧૯ના સમીક્ષા પ્રવચનમાં દેશના વડાપ્રધાન દ્વારા ઉપરોક્ત બંને બાબતોનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આભાર સાથે આનંદની લાગણી વ્યક્ત કરાઈ હતી.

# પદ્માવતના રીલીઝ માટેની રિટ અરજી આખરે પાછી ખેંચાઈ

અમદાવાદ,તા. ૨

પદ્માવત ફિલ્મના ભારે વિરોધ અને દેશભરમાં મચેલા ઉહાપોહ બાદ હવે ગુજરાતમાં વિધિવત્ રીતે આ ફિલ્મ ગુજરાત રાજયમાં રિલીઝ કરાવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલી રિટ અરજી આજે અચાનક નાટયાત્મક રીતે પાછી ખેંચી લેવામાં આવી હતી. ફિલ્મ રિલીઝના તમામ હક્કો ધરાવતી વાયકોમ કંપની દ્વારા કરાયેલી આ રિટ અરજીમાં ગઈકાલે ખુદ અરજદારપક્ષ દ્વારા સમયની માંગણી કરી મુદત માંગવામાં આવતાં હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી તા. ૭મી ફેબ્રુઆરી પર મુકરર કરી હતી અને આજે ફરી અરજદારપક્ષ દ્વારા તેમની પિટિશન પાછી ખેંચવાની હાઈકોર્ટ પાસે પરમીશન મંગાઈ હતી, જેથી હાઈકોર્ટે તેમને રિટ પરત ખેંચવા મંજૂરી આપી હતી. પદ્માવત ફિલ્મની સામે રાજપૂત સમાજ અને કરણી સેનાના દેશભરના ઉગ્ર વિરોધ અને આંદોલનો બાદ પરિસ્થિતિ વણસી હતી. પદ્માવત ફિલ્મને લઈ સુપ્રીમકોર્ટમાં થયેલી પિટિશનમાં પણ સુપ્રીમકોર્ટે આ ફિલ્મની રિલીઝ માટે લીલીઝંડી આપી હતી. જો કે, સુપ્રીમકોર્ટે લીલીઝંડી આપ્યા બાદ પણ રાજપૂત સમાજ અને કરણી સેનાનો ફિલ્મ સામેનો વિરોધ અને દેખાવો દેશભરમાં ચાલુ રહ્યા હતા, જેમાં પદ્માવત ફિલ્મની રિલીઝના બે દિવસ પહેલાં અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આગચંપી અને તોડફોડના છૂટાછવાયા બનાવો બન્યા હતા. અમદાવાદ શહેરમાં તો ચારથી પાંચ મલ્ટિપ્લેક્સ થિયેટરની બહાર તોડફોડ અને આગચંપીના બહુ ગંભીર અને ચકચારભર્યા બનાવો બન્યા હતા. જેમાં ૧૦૧ વાહનો તોફાની ટોળા દ્વારા સળગાવી દેવામાં આવ્યા હતા. જેને લઈ અમદાવાદ સહિત રાજયના મોટાભાગના સ્થળોએ પદ્માવત ફિલ્મની રિલીઝ અટવાઈ પડી હતી. પદ્માવત્ ફિલ્મને લઈ આ હિંસક બનાવો બાદ હવે ગુજરાત રાજયમાં આ ફિલ્મને રિલીઝ કરાવવા માટે વાયકોમ કંપની દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રિટ અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં બંધારણીય અધિકારને આગળ ધરી ફિલ્મની રિલીઝ કરાવવા અને સાથે સાથે પ્રજાના જાન-માલની સુરક્ષાને લઈ મલ્ટિપ્લેક્સ થિયેટરો સહિતના થિયેટરો પર લોખંડી સુરક્ષા વ્યવસ્થા અને પોલીસ બંદોબસ્ત તૈનાત કરાવવા સહિતની માંગણીઓ કરવામાં આવી હતી પરંતુ હવે અરજદારપક્ષ દ્વારા રિટ પાછી ખેંચી લેવાતા કાનૂની વિવાદ પર પૂર્ણવિરામ મૂકાયું છે.

# શ્રી વડસરીયા ગણેશ મંદિર ખાતે મહા પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ

**આ મહોત્સવમાં વિવિધ પૂજા-અનુષ્ઠાનનો લાખો ભકતો લાભ લઈ રહ્યા છે**

શ્રી બાલ સ્વરુપ વડસરીયા ગણેશજીના સાનિધ્યમાં સપ્તદિન સાધ્ય મહા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કલોલ તાલુકાના વડસર ગામે આવેલ ગણેશજીના મંદિર ખાતે તા. ૩૦ જાન્યુઆરીથી તા. ૫ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું છે. આ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં આજે શોભાયાત્રા, જલયાત્રા અને નગરયાત્રા યોજાઈ હતી. જેમાં હજ્જારો ભકતોએ આ યાત્રામાં જોડાયા હતા. જયારે રાત્રે લોકસાહિત્યકાર માયાભાઈ આહીર અને કિર્તીદાન ગઢવીનો ડાયરો યોજાયો હતો. આ ડાયરાની મોજ માણવા અને ગણેજીના દર્શનાર્થે લાખો શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. હાલ આ પવિત્ર ભુમિ ઉપર ભજન, ભોજન અને વેદ મંત્રોનો ત્રિવેણી સંગમ થઈ રહ્યો છે.

વડસર ગામે સપ્તદિન સાધ્ય ભવ્ય મહા પ્રાણ પ્રતિષ્ઠા નવકુંડી યજ્ઞાનું આયોજન શરુ છે. ગુજરાતમાં ગાંધીનગર નજીક વડસર શ્રી બાલ સ્વરૂપ વડસરયા ગણેશજીનું મહાત્મ્ય પણ અનેરુ છે. બાલ સ્વરુપ ગણેશજીને ચમત્કારીક માનવામાં આવે છે અને અહીં આવતા લાખો ભકતો અપાર શ્રધ્ધા ધરાવે છે. વડસરીયા ગણેશ મંદિર ૧૨૦૦ વર્ષ જુનું અને પ્રાચીન મંદિર છે. વિશ્વભરમાં આ



એક જ ગણેશ મંદિર છે, જયાં ગણપતિનું બાલ સ્વરુપ એક શિલામાં સ્વયંભુ ઉપસી આવેલી મૂર્તિ છે. અહીં દર મહિનાની વદ ચોથ સંકટ ચતુર્થિના રોજ સમગ્ર ગુજરાતમાંથી બે લાખ ભકતો ઉમટી પડીને દાદાના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. ત્યારે તા. ૩૦ થી આયોજીત સપ્તદિન સાધ્ય મહા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં લાભકારી પાંચમા દિવસે ધૃતાધિવાસ સહિત સર્વવાસ, ૧૦૦૮ કગલશ સ્નપન, તેવી જ રીતે છઠ્ઠા દિવસે વાસ્તુ દિક્ષુ હોમ, ૧૬ ત્તવન્યાસ, શિખર સ્નપન, શચ્યાધિવાસ તેમજ અંતિમ દિવસે સવારે પીડીંકા ન્યાસ, પ્રતિષ્ઠા હોમ, વૈદિક શાંતિપાઠ, ઉતર પુજા સહિત ભોજન પ્રસાદ ૧૨ કલાકથી આપના આગમન સુધી શરુ રહેશે. આ મહોત્સવ માટે પરેશ બાબુભાઈ પટેલ, ધીરુભાઈ પટેલ, રમણભાઈ પટેલ, ઉમંગભાઈ પટેલ, પલકભાઈ પટેલ (દઉ પરિવાર), તેમજ સલાહકાર ભુપેન્દ્રભાઈ શાસ્ત્રી તથા વડસર ગ્રામજનો રાત દિવસ તન-મન અને ધનથી સેવા કરી રહ્યા છે. જયારે વિવિધ પૂજા-અર્ચના થકી વડસર ગામમાં અનેરુ ધાર્મિક વાતાવરણ સર્જાયું છે.

# કોંગ્રેસને સત્તાથી દૂર રાખવા મોદી વિચાર મંચની ભૂમિકા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતને સર્વ શકિતશાળી રાષ્ટ્ર એટલે કે, વિશ્વની મહાસત્તા બનાવવા તરફ આગળ વધી રહ્યા છે ત્યારે તેમના વિચારો, કાર્યો અને નીતિઓ-સિધ્ધિઓને લોકો સુધી પહોંચાડવા અને તેની સાચી સમજ કેળવાય તે હેતુથી કાર્યરત નરેન્દ્ર મોદી વિચાર મંચની એક મહત્વની બેઠક આજે શહેરના સરકીટ હાઉસ, એનેક્સી ખાતે યોજાઈ હતી. જેમાં મંચના રાષ્ટ્રીય સંયોજક રવિ ચાણકયએ અધ્યક્ષપદેથી જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસને સત્તાથી દૂર રાખવામાં નરેન્દ્ર મોદી વિચાર મંચની પણ ઘણી મહત્વની ભૂમિકા રહી છે. દેશના દરેક રાજયોમાંથી લગભગ ૧૨૨ જેટલા કાર્યકરો અને હોદ્દેદારોની ટુકડીઓ ગુજરાતમાં પોતાના ખર્ચે લોકો સુધી પહોંચી તેમને નરેન્દ્ર મોદીની વિકાસ ગાથા અને ભારત દેશને વિશ્વની મહાસત્તા બનાવવા તરફના નોંધનીય પ્રયાસોની જાણકારી જન-જન સુધી પહોંચાડી હતી અને ગુજરાતનો જનમત ભાજપ તરફથી બનાવવા માટે ભારે મહેનત કરી હતી, જેને પગલે ગુજરાતમાં ભાજપનો ભગવો ફરી એકવખત લહેરાયો છે. તેમણે આગામી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને લઈ અત્યારથી જ કામે લાગી જવા કાર્યકરોને હાકલ કરી હતી.

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત રૂપાહીરા અને માંડલીયા ફળી, ગામ-મુડસી તાલુકો મેઘરજ મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.ગુ.ગ.વ્ય.બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ કે ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

**રૂપાહીરા ફળી**

(૧) પાઈપલાઈન લેબર કામ, ઘર જોડાણ - ૪,૯૩,૭૫૨.૭૫
(૨) ઘર જોડાણ - ૧,૭૮,૭૬૦.૦૦

**માંડલીયા ફળી**

(૩) પાઈપલાઈન લેબર કામ, ઘર જોડાણ - ૪,૦૩,૩૧૭૫૮૫

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૬/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૧૩/૨/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૧૫/૨/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી રૂપાહીરા અને માંડલીયા ફળી જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**અધ્યક્ષશ્રી,**
**રૂપાહીરા અને માંડલીયા ફળી જળ અને સ્વચ્છતા સમિતિ,**
**તાલુકો-મેઘરજ, જીલ્લો - અરવલ્લી**